## સુપ્રભાતમ્

**સુરેશ પ્રા. ભટ્ટ**
079-23226251

### સલામી સવારની..

*ભીંજાયો સ્નેહમાં તો કોઈ સંબંધો બાફ થઈ ગયા!*
*આજ સુધીનાં કર્મ-બંધનો જાણે માફ થઈ ગયાં!*
*લાફ થઈ ગયા વેદનાના પ્રશ્નો રમત વાતમાં -*
*હવે હૃદય સુધીના બધા જ રસ્તા સાફ થઈ ગયા...*

**હાઈકુ**

*યાતનાઓનો,*
*સમુદ્ર પાર કરી -*
*આવી ગયો છું...*

*નવા 'દિલ' થી*
*નેતાઓની સલામે -*
*આવી ગયો છું...*

### ચિંતન

#### નાસ્યગ્ને દૌર્બલ્યમ્

અગ્નિ કયારેય દુર્બળ નથી હોતો

અગ્નિના એક નાનકડાં તણખામાં યે અસીમ શક્તિ હોય છે અને એ તણખો વિશાળ વનને સળગાવી ખાખ કરી મૂકતા દાવાનળમાં કયારે રૂપાંતર પામે છે એ કોઈ કહી શકતું નથી. એવી જ રીતે રાજા ભલે સામાન્ય માનવી લાગતો હોય પણ એની શક્તિ અસીમ અને જલદ હોય છે. તે ક્રોધે ભરાય તો પળવારમાં જનજીવનને ખેદાનમેદાન કરી શકે છે. આથી રાજાનો નિરાદર ના કરવો જોઈએ.

વિદ્વાન - બુદ્ધિશાળી - સંસ્કારી કે સાહિત્યકાર ભલે નાનો હોય અર્થાત તેની વિશેષ 'નામના' ન હોય તો રાજા - સરકારે તેનો અનાદર ન કરવો એનું માન-સન્માન સાચવવું - અન્યાય તો ન જ કરવો.

#### ક્ષમાપના

**તા.૨૧/૬ થી ૩૧/૭/૨૦૧૬ ચાલીસ દિવસના વિરામ પછી 'સુપ્રભાતમ્' ના શુભેચ્છકોની સેવામાં ફરી હાજર થયો છું આપ સૌની શુભેચ્છાથી સફળ 'બાયપાસ' સર્જરી થઈ છે. રસ ક્ષતિ માટે ક્ષમા યાચું છું.**

**- સુરેશ પ્રા. ભટ્ટ**

### સુવિચાર

- એ માણસ પરમ સુખી છે, જેના મા સદ્‌બુદ્ધિ અને વિવેક છે - **નવનીત**
- હૃદય હૃદય વચ્ચેના સેતુનું સર્જન એ જ માનવતાનું સાર્થક્ય છે - **સંત રોબિન**
- નાસ્તિક ને મન ઈશ્વર શૂન્ય છે, આસ્તિક ને મન ઈશ્વર પૂર્ણવિરામ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગી ભીની રહે છે દયાથી, પ્રેમથી, પ્રાર્થનાથી, જિંદગી સૂની બને છે નિર્દયતાથી, નિષ્ઠુરતાથી અને નિંદાથી - **મકરંદ દવે**
- અન્યને માટે આફતના ઉકળાટ જેવા નહીં, ઉકળાટ સમયના વાયુના વિંઝણા જેવા બનજો - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- અભિમાનની બારી ખોલી નાખો પણ સ્વાભિમાનનો પડદો રાખો - **તમિલ કહેવત**
- ભક્તિ માગો પણ ભક્તિમા કશું જ ન માંગો - **તમિલ કહેવત**
- આજનું ઔષધ : ગરમાળાના ફુલનો ગુલકંદ બનાવી ખાવાથી દાહ, બળતરા, પેશાબની બળતરા અને એસીડીટીમાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજની યુવા પ્રજામાં જૂના સમયની ત્યાગ સમર્પણ કે હૃદયથી 'એક દૂજે જેવી' ભાવના હોતી નથી - 'તું નહીં ઔર સહી' ના સ્વભાવે સંબંધો બાંધે અને છૂટા પણ પડી જાય એમાં આઘાત-પ્રત્યાઘાત જેવું પણ ન હોય ફરી મળ્યાં તો પ્રેમી! આમાં એકમેકનો 'સ્વાર્થ' (બધી રીતનો) જવાબદાર હોય છે.

પારસી લોકોમાં હજુ પણ લગ્ન પહેલાં ચાર-પાંચ વરસ એકમેકનો - સ્વભાવ-ઓળખવા સાથે હરવા-ફરવાનો રિવાજ હોય છે. બમન અને શીરીન પાંચ વર્ષથી પણ વધારે સાથ ફર્યા - પાર્ટીઓ - ખરીદી - ઉત્સવોમાં પણ સાથે જ ફરતાં. બમનનો જુનો મિત્ર બહેરામ મળી ગયો એણે પૂછ્યું - શીરીન સાથે લગ્ન થઈ ગયું? બમને ડોકું ધૂણાવી ના પાડી કહ્યું, ના-ના યાર કંઈ જામતું નથી!

કેટલાક મહિના પછી અચાનક એક'દિ બમનનો લગ્નવિધિમાં હાજર રહેવા માટે ફોન આવ્યો... બહેરામે એકદમ પૂછી જ લીધું - ટું ટો કે'ટો ટો ને કે કંઈ જામતું નથી! ટો અચાનક શું થઈ ગ્યું? બમને નિસાસો નાખી કહ્યું - યાર! હજી પણ જામટું તો નથી પણ સાલી પર બહું 'ઈન્વેસ્ટમેન્ટ' થઈ ગયું છે - હવે એટલા ખાતર પણ, ખાતર પર દીવો કરવો પડશે!!

---

# ટોલટેક્સ માફીનો વ્યાપ વધે તો ગમે!

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે વલસાડ ખાતે ટૉલ ટેક્સ માફીની કરેલ જાહેરાત સ્વાભાવિક રીતે જ આવકારદાયક લાગે. ગુજરાતમાં મહારાષ્ટ્રમાં છે એવો 'આંદોલનકારી' રાજકીય પક્ષ નથી. શિવસેનાએ મહારાષ્ટ્રમાં ટોલટેક્સ સામે કરેલું આંદોલન યાદ કરો! આવી માફીની કદાચ વાહન ચાલકોએ તો સ્વપ્ને પણ કલ્પના નહીં કરી હોય. એકવાર ઘરેડમાં પડી ગયા પછી પ્રજા પરિસ્થિતિ સાથે અનુકૂળ થઈ જવા ટેવાયેલી હોય છે. મોંઘવારી વધતી જ જાય છે, છતાં પ્રજાકીય સ્તરે ખાસ કશો કચવાટ જોવા મળતો નથી. કદાચ અગાઉ થતાં એવાં પ્રજાકીય આંદોલનો ઊભાં કરવાનો પ્રજા પાસે સમય જ નથી. વળી એવા કોઈ લોકનેતાનો પણ કયાં છે જે અંગત હિતો બાજુએ મૂકી માત્ર પ્રજાના પ્રશ્ને આંદોલનો કરે? અત્યારે તો માત્ર રાજકીય પક્ષો સાથે જોડાયેલા નેતાઓ જ આવાં અટકચાળાં કરતા ફરે છે. પ્રજા પર એની અસર પણ નહીંવત જ થાય છે. પ્રજા એમના સ્વાર્થી હેતુ પરત્વે જાગ્રત થઈ ગઈ છે. મોટા ભાગના રાજકીય પક્ષો સાથે સંકળાયેલા સત્તાપરસ નેતાઓમાંથી વિશ્વાસ ગુમાવી દીધો છે. છતાં કયારેક ચૂંટણી લક્ષી ગણતરીઓથી નાનાં મોટાં આભાસી આંદોલનો જરુર ઊભા થતાં લાગે છે. આવું જ એક આંદોલન આમ આદમી પાર્ટી દ્વારા ઊભું થવાની તૈયારીમાં હતું. ગુજરાત સરકારે એને ગંભીરતાથી લીધું એથી નાનાં વાહનોવાળા મધ્યમવર્ગ અને ઉચ્ચ મધ્યમવર્ગ ઉપરાંત ફોર વ્હીલર અને થ્રી વ્હીલર ધરાવતા વાહન ચાલકોને જરુર રાહતનો અનુભવ થતો હશે. જો કે પંદરમી ઑગસ્ટથી આ ટૅક્સમાફીનો અમલ થવાનો હોઈ ટેક્સી ચાલકોને એમાં આવરી લેવાશે કે કેમ તેનો નિર્ણય પાછળથી થશે. ખરેખર તો ઘેટાંબકરાંની જેમ પેસેન્જરો ભરીને પોલીસની રહેમનજર અને હપ્તાખોરી હેઠળ પેટિયું રળી ખાતાં ગરીબ ટેકસી ચાલકોને સૌથી પહેલો લાભ મળવો જોઈતો હતો. ગુજરાતમાં ઘણા નેશનલ હાઈવે પસાર થાય છે. વળી અહીં અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ વે પણ છે. એથી માત્ર સ્ટેટ હાઈવે પૂરતો જ ટોલ માફીથી વાહન ચાલકોને આંશિક લાભ જ થવાની સંભાવના છે. છતાં જેને ફાયદો થયો છે તે વિસ્તારના લોકોને સરકાર પ્રત્યે જરુર સદ્‌ભાવની લાગણી પેદા થશે. આમ આદમી પાર્ટીએ આ નિર્ણય સરકારે એના આંદોલનથી ડરીને લીધો હોવાનું નિવેદન કર્યું છે. સરકાર પણ રાહ જોતી હોય છે કે કોઈ પોતાને કાન આમળે. પ્રજામાં હવે એ દૈવત રહ્યું હોય એવું લાગતું નથી. ચૂંટણી વખતે પણ આવા મુદ્દાઓ કરતાં તાત્કાલિક ઘટનાઓ અને સંવેદનશીલ બાબતો જ વધુ પ્રભાવક બનતી હોય છે. આનંદીબેને જાહેર કરેલી રાહતથી ભારતીય જનતા પાર્ટીને જરુર લાભ થશે, પરંતુ સાથે જ નેશનલ હાઈવે અને એક્સપ્રેસ વે ઉપરાંત મોટાં વાહનો માટે પણ આ પ્રકારની માગણી ચાલુ થશે. પ્રજાને આંગળી આપો તો એ પહોંચી (પંજો) પકડવાની કોશિશ કરશે! આપણે ઈચ્છીએ કે સરકાર શક્ય એટલી વધુ રાહતો આપી પ્રજાજનોના શિરે પડતો આર્થિક બોજો હળવો કરવા પ્રયાસરત રહે.

---

# બંધારણમાં ન્યાયાધીશોની નિમણુંક માટે કોલેજીયમ પદ્ધતિ જ નથી, ન્યાયસભા અને ધારાસભાએ લોકશાહીના પાયાના સ્તંભ છે

**ન્યાયાધિશોના ફેંસલાની ચર્ચા કરી શકાય પણ નિંદા ના થઈ શકે**

**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

સરકાર અને અદાલત વચ્ચે ન્યાયાધિશોને નિમવા માટે રસાખેંચ સ્પર્ધા ચાલે છે જે હાલમાં ચરમસીમાએ છે. ભારતીય બંધારણ પ્રમાણે સર્વોચ્ચ અદાલત એ જ શિરોમાન્ય ગણાય છે પરંતુ લોકશાહીમાં કાયદાના ઘડનાર તરીકે ધારા સભાને મહત્વ આપવામાં આવ્યું છે તેથી લોકશાહી દેશોમાં ન્યાયાધિશોની નિમણુંક સરકાર કરે છે અને સરકાર નિમણુંક કરતી હોય તો પોતાને ફાવે તેવા અને તે ઈચ્છે તે જજોની નિમણુંક આપે છે સરવાળે વિવાદો સર્જાય છે અને આમ નાગરિકોને ન્યાય ના મળે તે સ્વાભાવિક છે.

અમેરીકાના કેટલાક રાજયોમાં ન્યાયાધિશની નિમણુંક માટે પણ ચૂંટણી યોજાય છે જેમાં ચૂંટાઈ આવવા માટે ન્યાયાધિશોએ રાજકીય અને સામાજીક આગેવાનોના આશરે રહેવું પડે છે પરિણામે ચુંટાયા બાદ ભ્રષ્ટાચારના આક્ષેપો થવાએ સર્વસામાન્ય બાબત છે.

ભારતના બંધારણમાં નવો ચીલો આચરી સરકાર ન્યાયાધિશોની નિમણુંક કરે છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોની સલાહ પ્રમાણે સરકાર નિમણુંક કરે છે. ૧૯૫૦ માં ભારતીય બંધારણની આ પધ્ધતિની ચર્ચા દુનિયાભરમાં થયેલ અને ઓસ્ટ્રેલીયાથી આ જાણકારી મેળવવા માટે એક ખાસ કમિશન ભારતમાં આવેલ.

લોકશાહિમાં ન્યાયતંત્રની તટસ્થતા અને સ્થાપત્તા જાળવી રાખવા માટેના ધારા ધોરણો ઘડાયા છે. ન્યાયાધિશોની નિમણુંક થયા પછી તેને કાઢી ના મુકાય કે તેના પગાર, ભથ્થા કે પેન્શનમાં ઘટાડો ના કરી શકાય. ન્યાયાધિશોના ફેંસલાની ચર્ચા કરી શકાય પણ નિંદા ના થઈ શકે. આમ કરવાથી અદાલતના અપમાન કર્યા બરાબર છે જેના માટે કન્ટેમ્પ ઓફ કોર્ટ પણ થઈ શકે તેવી ભારતના બંધારણમાં જોગવાઈ છે.

ભારતના બંધારણની કલમ-૨૧૪ થી ૨૧૬ માં આ જોગવાઈ કરવામાં આવેલ છે વડી અદાલતના ન્યાયાધિશની નિમણુંક ભારતીય બંધારણની કલમ ૨૧૭ મુજબ ભારતના રાષ્ટ્રપતિ જ કરી શકે. ન્યાયાધિશ ૬૨ વર્ષ સુધી હોદો ઘરાવી શકે છે. વડી અદાલતના ન્યાયાધિશે ભારતના બંધારણની કલમ ૨૧૯ મુજબ રાષ્ટ્રપતિ સામે સોગંદ લેવાના હોય છે. વડી અદાલતના ન્યાયાધિશ બંધારણની કલમ ૨૨૦ મુજબ વકિલાત પણ કરી શકે નહિ કયારેક કાર્યકારી ન્યાયાધિશની નિમણુંક કલમ ૨૨૩ મુજબ રાષ્ટ્રાપતિ હંગામી ધોરણે કરી શકે છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશને બંદી પ્રાયક્ષીકરણ (Habeas Corpus) ઉત્પેષણ (Certiorari) પ્રતિષેધ (Prohibitions) પરમાદેશ (Mandamus) અને અધિકાર પૃચ્છા (Qua warranto) ની સત્તા આપવામાં આવેલ છે. વડી અદાલતોના જજોને બંધારણની કલમ ૨૩૩ થી ૨૩૫ મુજબ તાબાની અદાલતોના જજોની નિમણુંકની સત્તા આપવામાં આવેલ છે તેમની બઢતી, નિવૃત્તી અંકુશ તથા છુટા કરવાની સત્તા કલમ ૨૩૫ મુજબ આપવામાં આવી છે જે મુજબ તાબાની અદાલતોના જજો સારી કામગીરી બજાવતા ના હોય તો આ કલમ મુજબ તેમને બરતરફ પણ કરી શકે છે. તાજેતરમાં એડીશનલ ડિસ્ટ્રીકટ જજ તરીકે ફરજ બજાવતા ૧૮ ન્યાયાધિશોને બરતરફ વડી અદાલતના જજ દ્વારા કરવામાં આવેલા જે વિવાદસ્પદ ઘટના ન્યાયતંત્રમાં ગણાયેલ.

ભારતમાં વડી અદાલતના ન્યાયમૂર્તિને ૬૫ વર્ષે નિવૃત્ત થવું પડે છે જયારે અમેરીકામાં આમા કોઈ જ ઉંમરનો બાદ નથી. શરીર ટકે ત્યાં સુધી જજ તરીકે ફરજ બજાવી શકે છે.

ન્યાયાધિશોની નિમણુંક અંગે ભારતમાં નવતર પ્રયોગની શરૂઆત કરવામાં આવી છે જેતે કોલેજીયમ પધ્ધતિ તરીકે ઓળખાય છે પરંતુ ભારતીય બંધારણ મુજબ આવી કોઈ પધ્ધતિ નથી. ૧૯૯૨માં સર્વોચ્ચ અદાલતોનું પીઢ ન્યાયાધિશોનું એક મંડળ રચાયું જે સરકારને દરખાસ્ત મોકલી જજોની નિમણુંક કરાવી શકશે. સરકાર આ પધ્ધતિમાં કોઈ જ દખલગીરી નહિ કરે તેવું સ્વીકારાયું. આ વ્યવસ્થાની બંધારણમાં કોઈ જ જોગવાઈ નથી તેમજ બંધારણમાં કોલેજીયમ જેવો કોઈ જ શબ્દ નથી તેમ છતાં સર્વોચ્ચ અદાલતોના જજો દ્વારા વડી અદાલતોના જજોની નિમણુંક કરવામાં આવી જેના કારણે લાગવગ, સગાવાદ અને પ્રચારબાજીનો પ્રભાવ આવી નિમણુંકોમાં દેખાવા લાગ્યો કોલેજીયમ પધ્ધતિ દ્વારા નિમણુંક પામેલ જજોનું બૌધ્ધિક અને નૈતિક ધોરણ કાળક્રમે ઉણું ઉતરતું ગયું, કથળતું ગયું છે. હાલમાં આ પધ્ધતિ મુજબ હાઈકોર્ટમાં ૨૩૫ જજોની ભરતી કરવામાં આવનાર છે અને હાલમાં ઉચ્ચ ન્યાયાલયમાં ૪૭૦ જજોની જગ્યા ખાલી છે. આવી

**અનુસંધાન પાના નં. ૭ પર**

---

# દરેક વ્યક્તિને પોતાને મળેલું આ અમૂલ્ય જીવન પોતાની મરજી મુજબ જીવવાનો પૂરેપૂરો હક્ક છે

**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**

રીપોર્ટમાં લખાઈને આવ્યું,
'લાગણીનું ખંડેર'
હવે ડૉકટર પણ લાચાર!

- પારસ એસ. હેમાણી

માણસ એ સજીવસૃષ્ટિની એવી પ્રજાતિ છે કે જેને સંવેદના તો મળી પણ સાથોસાથ બુદ્ધિ તેમજ વાક્ચાતુર્ય પણ મળ્યું! પશુ-પક્ષીએ કે ઝાડ-પાન પણ સંવેદના તો અનુભવતા જ હશે પણ આપણા જેટલી સ્માર્ટનેશ તેનામાં નથી. જો કે, આ આપણી માન્યતા છે બાકી ચતુરાઈ તો વન્ય સજીવસૃષ્ટિમાં પણ હોતી જ હશે ! માત્ર તેઓ આપણી જેમ સ્વાર્થી નથી અને કુદરતના કોઈ નિયમનો ભંગ નથી કરતા. માટે તેમનામાં આ 'લાગણીનું ખંડેર' જોવા મળતું નથી! કરમાઈ ગયેલા ફૂલ કે સૂકાઈ ગયેલા વૃક્ષ કે પછી મરવા સૂતેલા કોઈ પશુ-પંખીમાં સંવેદનાની ભીનાશ તો અકબંધ જળવાયેલી હોય છે! માનવીની સૌથી મોટી સિદ્ધિ એ તેને મળેલી ચતુરાઈ અને બુદ્ધિમત્તા છે એમ તે માને છે પણ સમય જતા આ જ બંને બાબતોને કારણે તે સ્વાર્થી, લોભી અને અહંકારી બની જાય છે. પરિણામે, ધીરે-ધીરે તેની આસપાસના તમામ સંબંધોથી એ જાણે-અજાણ્યે દૂર થતો જાય છે અને છેક અંત સમયે તેનામાં રહી જાય છે લાગણીઓનું એક અવાવરું ખંડેર કે જયાં કોઈ અવરજવર કરતું નથી. જન્મે ત્યારથી એ અનેક સંબંધોમાં બંધનમાં પોતાને સાંકળી લે છે પરંતુ, વ્યક્તિના જીવનનો સૌથી વધુ અગત્યનો સંબંધ છે પતિ-પત્નીનો સંબંધ. તેના જીવનનો મહત્તમ હિસ્સો મોટા ભાગની વ્યક્તિઓ આ જ સંબંધના તાંતણે બંધાઈને પસાર કરે છે. ભારત દેશમાં લગ્નપ્રથા અને એક પત્નીત્વ જેવી પરંપરાઓ આપણા સંસ્કારમાં વણાયેલી છે. પણ કોણ જાણે કેમ કોઈ કારણોસર આ લગ્નસંસ્થાના પાયા આજે હચમચી રહ્યા હોય તેવું દેખાય છે. પુરુષ અને સ્ત્રી બંનેને પોત-પોતાના પ્રશ્નો લગ્નના થોડા જ સમયમાં એટલા બળવત્તર બની જતા જણાય છે કે લગ્નરુપી ઋણાનુબંધનું અકાળે અવસાન થાય છે! કવયિત્રી સૂચિતા કપૂર લખે છે તેમ,

'રાત્રે, ડાયરી ખોલી,
દિવસભરનો, પાઈપાઈનો હિસાબ લખ્યો
ડાયરી પૂરી થવા આવેલી,
દિવસો, મહિનાઓ અને થોડા વર્ષોનો હિસાબ,
એણે શું મેળવ્યું શું ગુમાવ્યું કે શું આપ્યું હતું?
ડાયરી તો માત્ર ગૃહસ્થીની આવક-જાવકની નોંધપાત્ર હતી.
આવી નોંધ ગૃહસ્થ જીવનની પળેપળની રાખી શકાઈ હોત તો?'

આપણે ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા છે કે 'બાળકોના લીધે અમે અલગ ન થયા.' ત્યારે આપણને પ્રશ્ન થાય કે જીવનનો સૌથી સુંદર અને મજબૂત સંબંધ કયારે આપણા માટે મજબૂરી બની ગયો? કયા કારણોસર તેમાં એક ઊંડી ખાઈ ખોદાઈ ગઈ? કયા કારણોસર તેમાં એક ઊંડી ખાઈ ખોદાતી ગઈ? બાળકોનું આગમન એ પરિવારનો જ વિસ્તાર નથી પણ પ્રેમનો અને પતિ-પત્નીના સાહચર્યનો પણ સરવાળો છે. તો પછી આ સરવાળા અને ગુણાકારના દાખલામાં બાદબાકી અને ભાગાકારની કટુતા કયાંથી અને કયારે પ્રવેશી હશે? આજના સમયમાં દરેકને ઝડપથી છૂટાછેડા લઈ લેવા છે અને લગ્નના બંધનમાંથી તરત જ મુક્ત થઈ જવું છે. પણ સંબંધોની શુષ્કતા માત્ર શરુઆતના જ તબક્કે જન્મે છે તેમ નથી. હવેના સમયમાં લગ્નને ૨૦-૩૦ વર્ષો વીતાવ્યા બાદ પણ એકબીજા માટે લાગણીની અને હૂંફની કમી વર્તાય તેમ બને ત્યારે એ અત્યંત આઘાતજનક પરિસ્થિતિ બની જતી હોય છે! આ પરિસ્થિતિ માત્ર સ્ત્રીઓની જ હોય તે જરુરી નથી. પુરુષોની પણ આવી અવદશા જોવા મળે છે. પુરુષની સ્થિતિ તો વધુ દયનીય હોય છે. ફરી એકવાર સુચિતા કપૂરના જ શબ્દો યાદ આવી જાય છે.

'હું,
મહાભારતના યુદ્ધનો મહાવીર યોદ્ધો,
રોજ હું લડું છું એક યુદ્ધ.
યુદ્ધના તમામ ગુણો છે મારામાં
ક્રોધ, અહંકાર, ઈચ્છા, અપેક્ષા, સ્વામિત્વ,
અને મારા પક્ષની સચ્ચાઈની દૃઢતા'

પતિ-પત્નીનું સાહચર્ય સુમધુર અને સુમેળભર્યુ હોય તે અત્યંત આવશ્યક બાબત છે. પણ જો આ સંબંધ લોકલાજે કે બાળકોની જવાબદારીને કારણે કે આવા અન્ય કોઈ દબાણ હેઠળ પરાણે વેંઢારવો પડે તેવો બોજરૂપ બની જાય તો તેમાંથી બહાર નીકળી જવું જ આવશ્યક છે. દરેક વ્યક્તિને પોતાને મળેલું આ અમૂલ્ય જીવન પોતાની મરજી મુજબ જીવવાનો પૂરેપૂરો હક્ક છે. હા, સ્વાર્થી બનીને માત્ર પોતાની ઈચ્છા અનુસાર સ્વચ્છંદી બની જવું એ યોગ્ય ન ગણાય. પણ જયારે જીવનનો સૌથી વધુ અગત્યનો સંબંધ આપણા આ શરીરને 'લાગણીનું ખંડેર' બનાવી દે ત્યારે તેમાંથી બહાર આવી માત્ર શ્વાસ લેવાને બદલે જિંદગીને મનભરીને જીવવી પણ અનિવાર્ય બાબત બની જાય છે. પુરુષો વ્યસનમાં ડૂબી જઈને કે લગ્નેત્તર સંબંધોમાં જોડાઈને પોતાનો તણાવ ઓછો કરે છે અને સ્ત્રીઓ બાળકોમાં અને અન્ય પ્રવૃત્તિઓમાં પોતાની જાતને પરોવીને દાંપત્યજીવનની બેડીઓને નીભાવ્યા કરે છે. તે પરિવાર માટે તેમ જ પતિ-પત્નીના અંગત જીવન માટે પણ અત્યંત દયનીય પરિસ્થિતિ સમાન છે. બને ત્યાં સુધી સંબંધને તૂટવા ન દઈએ અને તેમાં પ્રેમ, હૂંફ અને લાગણીઓનું સિંચન કર્યા જ કરીએ તે જ ઉત્તમ બાબત છે પરંતુ, જો કોઈ કારણોસર એવું ન જ શક્ય બને તો એ સંબંધને યથાયોગ્ય પરિસ્થિતિમાં રહેવા દઈએ સમાજવ્યવસ્થાને બરબાદ કરવાના પ્રયાસો કરીએ એ કોઈ કાળે યોગ્ય બાબત ન જ ગણાય.

- nehalgadhavi101@gmail.com

---

# એક આ સમઢિયાળા અને એક તે સમઢિયાળા

**અતિતની આજ**
**ડો. હરિ દેસાઈ**

ક્યારેક ગોધરા-અનુગોધરા પ્રકરણથી દુનિયાભરમાં લજવાયેલું ગુજરાત આજકાલ દલિતો પરના અત્યાચારોના મોટા સમઢિયાળાકાંડને નામે દેશ અને દુનિયામાં ગાજી રહ્યું છે. જુલાઈ મહિનો ભાજપ જેવા સત્તાપક્ષ માટે ભારે ગણાઈ ગયો છે. ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના માંડ ૩૦૦૦ની વસ્તી ધરાવતા મોટા સમઢિયાળામાં મરેલાં ઢોરના ચામડાનો વ્યવસાય કરનાર દલિત સરવૈયા પરિવારના સભ્યોને બે મરેલી ગાયનો નિકાલ કરવા જતાં ગોમૈયાના હત્યારા ગણીને અમાનુષી માર મારવામાં આવ્યો. એટલું જ નહીં, ગૌરક્ષા સમિતિને નામે ટ્રસ્ટ ચલાવનારાઓએ આ અમાનુષી અત્યાચારનો વીડિયો બનાવીને વાયરલ કરીને જાણે કે ઈડરિયો ગઢ જીતવા જેવું કામ કર્યુ હોય એવાં ઢોલ પીટ્યાં. આ ઘટનાએ ગુજરાતની આનંદીબહેન પટેલની સરકારથી લઈને ભારતની નરેન્દ્ર મોદી સરકારને માથે કાળી ટીલી લગાડવા જેવું કામ કર્યું. ભાજપ અને સંઘ પરિવારના શાસનમાં દલિતો સુરક્ષિત નથી એવી ચર્ચા સંસદથી લઈને શેરી સુધી છવાઈ ગઈ. બબ્બે દાયકાથી જે દલિત પરિવાર સત્તારૂઢ ભાજપ સાથે જોડાયેલો હોય એની જ સાથે આવો દુર્વ્યવહાર થાય પછી ભાજપવિરોધી રાજકીય પક્ષો અને સંગઠનો એ તકનો લાભ ખાટવામાં મણા શાને રાખે?

સમઢિયાળા ગામનું નામ આવ્યું એટલે અમને સ્મરણ થયું કે ગુજરાતનાં કર્મશીલ આઈએએસ અધિકારી ડૉ.જયંતી રવિએ થોડાંક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના આદર્શ ગામ તરીકે સમઢિયાળાને છેક એમના વતન રાજ્ય તમિળનાડુની રાજધાની ચેન્નઈ (મદ્રાસ)થી પ્રકાશિત થતા પ્રતિષ્ઠિત અંગ્રેજી સામયિક ''ફ્રંટલાઈન''માં ચમકાવ્યું હતું. તેમણે લખેલી કોલમનું એ ગામ આવું કેમ થઈ ગયું એ પ્રશ્ન થયો. શ્રીમતી રવિને પૂછ્યું તો એમણે ફોડ પાડ્યો કે તેમણે જે આદર્શ ગામ વિશે ૨૦૦૩માં લખ્યું હતું એ રાજકોટ જિલ્લાનું રાજ સમઢિયાળા. અને અત્યારે ચર્ચામાં છે તે ગીર સોમનાથ જિલ્લાનું મોટા સમઢિયાળા.

મોટા સમઢિયાળા ઉનાથી ૨૦ કિલોમીટરને અંતરે આવેલું ગામ છે. ગ્રામ પંચાયત ધરાવે છે. એના સરપંચ તરીકે પ્રફુલ્લભાઈ કોરાટ છે. એ લેઉઆ પટેલ છે. પીડિત સરવૈયા પરિવારને વારંવાર ધમકી અને નોટિસો આપવા સહિતનાં કારણો આગળ ધરીને એમને દલિતવિરોધના ઉકળતા ચરુના દિવસોમાં તાલુકા વિકાસ અધિકારીએ હોદ્દેથી દૂર કર્યા છે. છેલ્લા કેટલાક સમયગાળામાં મુખ્ય પ્રધાન આનંદીબહેન પટેલથી માંડીને કેન્દ્રના નવનિયુક્ત રાજ્યપ્રધાન પરસોત્તમ રૂપાલા તેમજ કૉંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી, દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ સહિતના મહાનુભાવો મોટા સમઢિયાળા પહોંચીને દલિત પરિવાર સાથે પોતાના પક્ષ અને સરકારની ભાવનાને જોડવાની કોશિશ કરતાં રહ્યાં છે. મુખ્ય પ્રધાન આનંદીબહેન મોટા સમઢિયાળાની મુલાકાતે આવીને ગયાં ત્યારે એમના ધ્યાને આવ્યું કે વિકાસનાં કામોથી આ ગામ વંચિત છે. સરકારનાં નાણા ફાળવવામાં આવ્યા પછી પણ અહીં દારૂણ ગરીબી અને સામાજિક ભેદભાવમાં ગામ સબડે છે. એમના નિર્દેશો પછી રાજકીય કાર્યકરો અને સરકારી અધિકારી દોડતા થઈ ગયા છે.

૧૧ જુલાઈ, ૨૦૧૬ના રોજ મૃત ગાયોનું ચામડું ઉતરડતા વશરામ સરવૈયા, રમેશ સરવૈયા, બેચર સરવૈયા અને અશોક સરવૈયા પર ગૌરક્ષકોએ અમાનુષી અત્યાચાર આદર્યો અને પોલીસવાળા મૂકપ્રેક્ષક બની રહ્યા. વાત ખૂબ ચગી એટલે સરકારી તંત્રના આદેશોને પગલે કાર્યવાહી અને તપાસ આરંભાઈ. સમગ્ર રાજ્યનો જ નહીં, દેશનો દલિત સમાજ ઊકળી ઊઠ?યો.દલિત અધિકાર મંચનું એક તપાસ પંચ ડૉ.નીતિન ગુર્જર અને બીજા આઠ જણા સાથે ૧૬ જુલાઈ, ૨૦૧૬ના રોજ તપાસ માટે મોટા સમઢિયાળા પહોંચ્યું અને એનો અહેવાલ વાંચતાં બાબત કેટલી ગંભીર હતી એ સમજતાં વાર ના લાગી. ૩૦૦૦ની વસ્તીવાળા મોટા સમઢિયાળામાં ૨૫૦ ઘર પટેલોનાં છે. ૨૫ કોળીનાં, ૧૬ વાળંદનાં, ૨ દરબારનાં, ૨ આહીરનાં અને ૨૫ ઘર દલિતનાં છે. દલિતો ગરીબીમાં સબડે છે, છતાં ગરીબી રેખા નીચેનાનાં કાર્ડ એમને અપાયાં નથી. એમના કોઈના ઘરમાં શૌચાલય નથી. હવાઉજાસ નથી.સામે પક્ષે સરપંચ તરફથી એવું જણાવાય છે કે તેમણે વિકાસનાં કામો માટે સરકારી તંત્રને વારંવાર રજૂઆત કર્યા છતાં ફંડ ફાળવાતાં નથી. અહેવાલ જણાવે છે કે ગામમાં દલિતોની સાથે આભડછેટ રખાય છે. એમને મંદિર પ્રવેશ નથી. અલગ સ્મશાન છે. દારૂણ ગરીબી છે. કેટલાક દલિતોના ઘરને બારીબારણાં નથી કે નથી લાઈટની સુવિધા.

ડૉ.નીતિન ગુર્જર તપાસ પંચના અહેવાલમાં ૧૧ જુલાઈ, ૨૦૧૬ના રોજ જ પોલીસે પ્રથમદર્શી ગુનો છ વ્યક્તિ એટલે કે છ ''ગૌભક્તો'' સામે નોંધ્યો હોવાનું સ્પષ્ટ થાય છે, પણ અત્યાચાર ગુજારનારા ૩૦થી ૪૦ વ્યક્તિ સામે પગલાં લેવાની તેમણે માગણી કરી છે. સત્તાવાળાઓએ ૧૬ જણાની ધરપકડ કરી અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ થકી તપાસની જાહેરાત કરી છે. જોકે, વડી અદાલતના ન્યાયમૂર્તિ દ્વારા તપાસ થાય એવી માગણી ઉગ્ર બની છે.ગુર્જર તપાસમાં નોંધાયું કે બેડિયા ગામના આહિર નાજાભાઈ દાનાભાઈની ગાયને સિંહે મારી નાખી હતી અને મોતીસરાના જીવાભાઈ કોળીની ગાય મરી ગઈ હતી.આ બંને ગાયોનો નિકાલ કરવા બાલુભાઈને ફોન થયા હતા.તેમના કહેવાથી જ મરેલી ગાયોને લેવા પેલા ચાર જણ ગયા હતા.પોલીસતપાસમાં આ વાત સાચી જણાઈ છે. ગુર્જર તપાસ પંચના અહેવાલમાં માગણી કરાઈ છે કે આંખાઆડાકાન કરનાર કે આરોપીઓ સાથે મળી ગયેલા પોલીસોને સહઆરોપી બનાવાય.આવતા વરસની વિધાનસભા ચૂંટણી જોતાં પ્રકરણ લાંબું ચાલશે.

આવતા દિવસોમાં મોટા સમઢિયાળાનું સ્વરૂપ કેવું હશે એ કહી શકાય નહીં. પેલું રાજકોટ પાસેનું રાજ સમઢિયાળા બે દાયકા પહેલાં ગરીબીમાં સબડતું, દુષ્કાળગ્રસ્ત રણપ્રદેશ જેવું, વ્યસનગ્રસ્ત અને તમામ પ્રકારની બદીઓથી ગ્રસ્ત એવું પાણીની તંગી ધરાવતું ગામ હતું. કોઈ સ્વેચ્છાએ પોતાની દીકરી આ ગામમાં પરણાવાય ય તૈયાર નહોતું. આજે એ આદર્શ ગામ બન્યું છે.અઠ્ઠાવીસ વરસ પહેલાં ગામમાં માત્ર ૧૬૬૦ વ?ક્ષ હતાં ત્યાં આજે ૬૦,૦૦૦ કરતાં વધુ છે. ગામ લીલુંછમ છે.૧૦ ફૂટે પાણી મળે છે.ગામ વ્યસનમુક્ત છે. પાણીની છત છે. ખેતીવાડી અને શાકભાજીના વેપારથી સમૃદ્ધ છે. એવું આદર્શ ગામ બની શક્યું છે કે આઈએએસ અધિકારી શ્રીમતી જયંતી રવિએ પ્રતિષ્ઠિત અંગ્રેજી સામાયિક 'ફ્રંટલાઈન'માં એની વિકાસગાથા લખીને દુનિયાભરને એના ચમત્કારિક વિકાસ વિશે જાણ કરી છે.ભણેલાગણેલા સરપંચ હરદેવસિંહ બળવંતસિંહ જાડેજાના સંકલ્પ અને ગ્રામજનોના સહયોગે આ રાજ સમઢિયાળાની શકલ બદલી નાંખી છે. આ ગામમાં લોકો ઘરને તાળાં મારતા નથી, છતાં ચોરી થતી નથી. પોલીસ કેસ થતા નથી.સર્વાનુમતે પંચાયતના સભ્યો નક્કી થાય છે.

એવું જ કાંઈક મહારાષ્ટ્રમાં દારૂ-જુગારની બદીઓથી ખદબદતા, ગરીબીમાં સબડતા અહમદનગર જિલ્લાના પારનેર તાલુકાના રાળેગણ સિદ્ધિ નામના ગામનું થયું છે. તેને આદર્શ, વ્યસનમુક્ત અને વિકસિત ગામ બનાવવામાં ભારતીય લશ્કરમાંથી નિવૃત્ત થઈને ૧૯૭૫માં વતન આવી વસેલા અણ્ણા હજારેએ ભવ્ય યોગદાન આપ્યું અને પ્રેરણા આપી હતી. આજે અણ્ણા હજારેનું નામ દેશ અને દુનિયામાં જાણીતું છે. એમણે પોતાના ગામને આદર્શ ગામ બનાવ્યું હતું એટલે મહારાષ્ટ્રની સરકારે વધુ ૩૦૦ ગામને આદર્શ બનાવવાની યોજના એમને સોંપી હતી. કમનસીબે એ યોજના પાર પાડવામાં અણ્ણાને વતન રાળેગણ સિદ્ધિ જેવી સફળતા ના મળી. કારણ સ્થાનિક નેતૃત્વ અને કાર્યકરોના સાથસહકાર વિના ગાંધીજીને અભિપ્રેત ગ્રામ સ્વરાજનું સ્વપ્ન સાકાર થઈ શકે નહીં. ગુજરાતનું મોટા સમઢિયાળા રાજ્યના જ રાજ સમઢિયાળા જેવું આદર્શ બની શકે છે, જો સ્થાનિકો એ માટે જાગે અને સહકાર આપે તો.

- haridesai@gmail.com